ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જૂથ એટલા નેતા, 'સંઘ' વિંખાઈ જાય છે,*
*સંવાદ વિના સંકલન, પિંખાઈ જાય છે,*
*ઝિંકાઈ જાય લઠ્ઠ સત્તાની ફેંકાઈ જાય નેતા -*
*આમ જ કાયદાના પાઠ સિખાઈ જાય છે.*

### હાઈકુ

*તોફાની તત્વો,*
*સળગાવે છે શાંતિ -*
*મેલી મૂરાદે..*

*ભટકે ટોળાં,*
*માગણીના રણમાં -*
*દિશા વિહીન...*

### ચિંતન

**મનો મધુકરો મેઘો માનિનો મદનો મરુત । મા મર્દો મર્કટો મત્સ્યો મકારા દસ ચંચલાઃ ॥**

'મન, મધુકર (ભમરો) મેઘ (વરસાદ) માનુની (સ્ત્રી) મદન (કામવૃત્તિ) મરૂત (પવન) મા (લક્ષ્મીજી) મદ (ગુમાન-અભિમાન) મર્કટ (વાંદરું) અને માછલી - આ દસ 'મ'કાર ખૂબ જ ચંચળ હોય છે.'

કેટલાક 'મન' ખૂબ જ ચંચળ હોય છે જે નિર્ણય પર મક્કમ રહી નથી શકતાં સ્થિર આસન કે મક્કમ નિશ્ચય નથી લઈ લેતાં. ડગુમગુ હાલતમાં જ સદાય રહે છે એવા દસ 'મ'કાર ('મ'થી શરુ થતા) ની અત્રે યાદી આપી છે.

(૧) મન ચંચળ છે જરા વાર અહીં તો અચાનક કહીં - (૨) મધુકર-ભ્રમર નક્કી કર્યા વિના ફૂલ પર માંડ બેસે છે (૨) મેઘ-વાદળ-વરસાદ આવે તો હાહાકાર નહીં તો પોકાર (૪) માનુની-સ્ત્રી-પ્રેમની બાબત હોય કે કોઈ નિર્ણય-દ્વિધામાં જ (૫) મદન - કામવૃત્તિ સદાય ચલાયમાન થાય છે (૬) મરૂત - પવનની દિશા અવારનવાર બદલાય છે (૭) લક્ષ્મી - કોઈને રંક બનાવે કોઈને રાજા (૮) મદ - અભિમાન કોઈને ચઢાવે કોઈને પછાડે (૯) વાંદરું - ક્ષણવાર સ્થિર ન રહે (૧૦) માછલી - પાણીમાં કદી સ્થિર જોઈ છે?

### સુવિચાર

- જૂઠી વસ્તુને પોતાની જાહેરાત કરવાનું ઘણું મન હોય છે - **જ્યોતિન્દ્ર દવે**
- સોમાંથી નવ્વાણું માણસો પોતાનાં અજ્ઞાનથી દુઃખી થાય છે - **ધૂમકેતુ**
- માન મેળવવાની લાલસા આ જમાનામાં જેટલી વધી છે,
  એટલી જ અપમાન સહન કરવાની શક્તિ ચાલી ગઈ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખુશામત તેના કરનારને અને સ્વીકારનારને બંનેને ભ્રષ્ટ કરે છે - **પર્લ બર્ક**
- જ્ઞાની હોઈએ કે મૂર્ખ, જીવન સાથે આપણે સંઘર્ષ કરવો જ પડે છે - **ચાર્લી ચેપ્લીન**
- દૂધમાં સાકરનું પ્રમાણ મર્યાદીત રાખીએ જે બરાબર છે,
  પણ આરાધનામાં ભેળવવાના શુભ ભાવો તો અમર્યાદીત જ રાખવાના છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવન એ આરામ અને ગતિ વચ્ચેનું સંતુલન છે - **ઝેન કથન (સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ બંને નોકરી કરતાં મા-બાપ, ઉદ્યોગપતિ, જાહેરજીવનમાં પડેલી સ્ત્રી-પુરુષ નેતાઓ-નામના અને ધન તો ખૂબ કમાઈ લેતાં હશે પણ પોતાનાં જ કર્તવ્યમાં આવતું - બાળકની સારસંભાળ-વાત્સલ્ય-પ્રેમ-સંસ્કાર જીવનનો સાચો આનંદ-'કુટુંબ મેળો' આપી શકતા નથી અને એ આનંદ, નામના અને સંપત્તિ કરતાં ખૂબ જ વધારે કિંમતી-મહત્ત્વનો છે.

એક ઉદ્યોગપતિ હજામની દુકાને વાળ કપાવતો હતો. હજામ પોતાની મસ્તીમાં કામ કરતો હતો સાથે સાથે જોડીદાર સાથે મજાક-મસ્તી પણ ચાલું હતી.

ઉદ્યોગપતિએ હજારને પૂછ્યું : તમને માસિક આવક કેટલી થાય. હજાર કહે : દસ-બાર હજાર જેટલી થાય એમાંથી અમે પાંચ, મારાં મા-બાપ, પત્ની અને બાળક આરામથી જીવી શકીએ છીએ!

પરંતુ, તમે હજુ બે-ત્રણ કલાક રોજ વધારે કામ કરો તો તમારી આવક બમણી થઈ શકે.

હજામ કહે : સાહેબ! હું દરરોજ સવારના નવથી સાંજે પાંચ વાગ્યા સુધી જ કામ કરું છું. સાંજના ૬ થી ૯ હું મારા માતા-પિતા અને પરિવાર સાથે આનંદ-મોજ કરું ફરવા-જઈએ છીએ. વધારાના પૈસા કરતાં મારે માટે પારિવારિક આનંદ ખૂબ જ વધારે કિંમતી છે. એ આનંદ હું થોડા પૈસા માટે ગુમાવવા નથી ઈચ્છતો...

ઉદ્યોગપતિએ જતાં જતાં હજામનો આભાર માન્યો ને કહ્યું : આજે તેં મે જીવન તરફ જોવાની નવી દૃષ્ટિ આપી - આભાર.

# ગુજરાતની શાંતિને ડહોળતો અભૂતપૂર્વ હાર્દિક એપિસોડ

## તંત્રીસ્થાનેથી....

બાવીસ વર્ષનો યુવાન પાટીદાર રાતોરાત ગુજરાતમાં જ નહીં બલકે દેશ આખામાં સૌથી મોટી જનસભા કરનારો લોકનેતા બનીને ઊપસી આવે તે ઘટના નજર અંદાજ કરી શકાય એમ નથી. જેમણે ટીવીના પડદા પર, અખબારના પહેલા પાના પર કે પ્રત્યક્ષ આ ઐતિહાસિક ઘટના નિહાળી હશે - એની એકાદ ઝલક માત્ર જોઈ હશે તે એની અંતર્નિહિત તાકાતનો અંદાજ લગાવ્યા વગર નહીં જ રહી શકે. પરંતુ આ હાર્દિક એપિસોડ એ કોઈ શુકનિયાળ ઘટના નથી. એ પાટીદારોના ધ્રુવીકરણની, એક સશક્ત ખેડૂતકોમના શક્તિપ્રદર્શનની ઘટના છે. ખમતીધર પાટીદાર સમાજે ક્યારેક કોંગ્રેસ જેવા સમર્થ રાજકીય પક્ષનાં મૂળિયાં ઉખાડી નાંખ્યાં હતા, અને ફક્ત ક્ષત્રિય - હરિજન - આદિવાસી - મુસ્લિમોની હિંદુત્વ - વિરોધી પાર્ટી તરીકે બદનામ કરી દઈ રાજકીય સંન્યાસ જેવી કરૂણ દુર્દશામાં ધકેલી દઈ ગુજરાતને ભારતીય જનતા પાર્ટીનો ગઢ બનાવવામાં સિંહફાળો આપ્યો હતો. હિંદુત્વનો સંઘ તથા વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત એજન્ડા ગુજરાતની શાંતિપ્રિય પ્રજામાં ફાલીફૂલીને દેશભરમાં ફેલાયો એમાં એકલા નરેન્દ્ર દામોદરદાસ મોદીને શ્રેય આપનાર ભીંત ભૂલે છે. વિશ્વ હિન્દુ પરિષદના સર્વોચ્ચ નેતાઓ પૈકીના ડૉ. પ્રવીણ તોગડિયા પાટીદાર સમાજમાંથી જ આવે છે એ ન ભૂલવું જોઈએ. પાટીદાર સમાજ ગુજરાતના ખૂણે ખૂણે પથરાયેલો છે. મૂળભૂત રીતે આ સમાજ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલો શ્રમજીવી સમાજ હતો. વિદેશમાં વસવાટ કરીને અથવા જમીન અને વેપારધંધામાં કાઠું કાઢ્યા પછી એનો એક નાનકડો અંશ જરુર બે પાંદડે થયો છે, પરંતુ હજી ગામડામાં ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયને વળગી રહેલ બહુ મોટ પાટીદાર સમુદાય તાણીતૂસીને બે છેડા મેળવે છે, તે હકીકત છે. આ વંચિત-ઉપેક્ષિત વર્ગને ન્યાય અપાવવા સમગ્ર સમાજે એકી અવાજે ગુજરાત માથે લીધું છે અને એના પડઘા દિલ્હી સુધી પહોંચ્યા છે. ગુજરાતની શાંતિને ડહોળી નાખનાર પાટીદાર-એપિસોડનાં રાજકીય લેખાંજોખાં માંડવાનો આ સમય નથી. જો કે ટૂંકા ગાળાનાં રાજકારણમાં બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારને એનો ફાયદો જરુર મળી શકે એમ છે. હાર્દિક પટેલની ઊભરતી નેતાગીરીનો અને કેજરીવાલના કરિશ્માનો વિનિયોગ કરીને તેઓ મોદી મૅજિક સામે ટક્કર લઈ શકશે. પરંતુ ગુજરાતમાં પાટીદારોની રાક્ષસી તાકાત સામે છૂપો પ્રતિકાર ન સરજાય તો જ નવાઈ. ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલને વર્ગવિગ્રહનો ભય વરતાઈ રહ્યો છે, તે એમની શાંતિ માટેની અપીલમાં જોઈ શકાય છે. ભાજપનો સત્તાસ્થાને બેસાડવામાં આડકતરી મદદ કરનાર વરિષ્ઠ ધર્માધ્યક્ષો પાસે શાંતિ જાળવવા અપીલ કરાવવી પડી છે તે સૂચક છે. શરુથી જ સરકારે પાટીદારોની તાકાત સામે નમતું જોખવાનો અભિગમ રાખ્યો એ કદાચ પોલીસને પણ પસંદ નથી પડ્યું. ત્રણે સ્તરે કાચું કપાયું છે - પોલીસે તક મળતાંની સાથે રાક્ષસી બળ વાપર્યું છે. હાર્દિક પટેલનો વધુ પડતો આત્મવિશ્વાસ અને ગજા બહારનો અહંકાર એનાં પોતાનાં પૂતળાં બાળવામાં પરિણમ્યો છે. પ્રજાને સરકાર, પોલીસ અને પાટીદાર - ત્રણે તરફ અભાવ જાગ્યો છે. ગુજરાતની શાંતિ ડહોળવાનું કલંક પાટીદાર સમાજને શિરે લાગ્યું છે, જેને ભૂંસાતાં અને ભુલાતાં ઘણો સમય લાગશે.

# તારે હવે એકલાં રહેવું નહિ પડે, વડીલોના હઠાગ્રહને લીધે આટલો સમય આપણે છૂટા રહેવું પડ્યું... તું હવે મારી જિંદગીમાં આવી જા...

**વાર્તા રે વાર્તા**
**નિરંજન ઓઝા**

રાજકોટમાં રૈયા રોડ ઉપર રહેલો અમિત, આજે ખુશ છે કારણ તેની બઢતી સાથે બદલી, જૂના અને જાણીતા તેના પ્રિય એવા ભાવનગર શહેરમાં થઈ છે. ભાવનગર આવતાની સાથે જ તેની સાથે તેનો ભૂતકાળ યાદ આવે છે. આજથી પાંચ વર્ષ પહેલાં તે સર શામળદાસ કૉલેજના બીજા વર્ષમાં હતો ત્યારે તેના જ વિસ્તારની અમિતા તેની કૉલેજ જવા રીક્ષામાં સાથે હતી. પુછપરછ કરતાં, અમિતાએ જણાવ્યું કે તેણે સર શામળદાસ કૉલેજમાં પ્રથમ વર્ષમાં એડમીશન લીધું છે. બંને વચ્ચેનો મુલાકાતનો સીલસીલો હવે વધતો જાય છે, કોઈ દિવસ બગીચામાં, કોઈ દિવસ હોટેલમાં તો કોઈ દિવસ સિનેમામાં મુલાકાત ગોઠવાય છે. આમ કરતાં, અમિત તેનો કૉલેજકાળ પૂર્ણ કરે છે અને અમિતા છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરે છે. બંને નક્કી કરે છે કે અભ્યાસપૂર્ણ થયા પછી જ લગ્ન વિશે વિચારશું.

એક દિવસ અમિતા મમ્મીના વિચારો જાણવા પુછે છે, મેં મારી પસંદગી કરી લીધી છે. જો તારી 'હાં' કે 'ના' છે? ત્યારે તેની મમ્મી ચોખ્ખી 'ના' પાડે છે. પુછતાં આગળ જણાવે છે કે તારા પપ્પા જયારે આખરી શ્વાલ લઈ રહ્યા હતા ત્યારે મને કહ્યું હતું કે મારા લંગોટિયા મિત્ર જનકને તેના પુત્ર દિનેશ સાથે આપણી અમિતાના લગ્નનું વચન આપ્યું હતું; તો તે વચન હું મરી જાઉં પછી પાળજે. આમ તારા લગ્ન દિનેશ સાથે કરાવવાના છે. આ સાંભળી અમિતાને આંચકો લાગે છે અને અમિતને સંબંધો ભૂલી જવા જાણ કરે છે. અમિત ત્યારબાદ નોકરી માટે રાજકોટ પ્રસ્થાન કરે છે.

આજે તે પાછો ભાવનગર સર્વીસમાં થયેલાં ફેરફારને લીધે આવે છે. સર્વપ્રથમ અમિતાના ઘરની મુલાકાત લેવાનું નક્કી કરે છે, તદાનુસાર નાગરપોળમાં દેસાઈ સાહેબના બંગલાં પાસે ભાડાના મકાનમાં રહેતી અમિતાના ઘરે પહોંચે છે. બારણું ખખડાવતાં અમિતાની મમ્મી બારણું ખોલે છે. અમિતને સામે ઊભેલો જોઈ નવાઈ લાગે છે. અંદર આવવાનું કહી, અમિતને બોલાવે છે. અમિતા આવીને, અમિતને જોતાં જ 'તું કયાંથી અને કયારે? સવાલ કરે છે.'

અમિતાનો મુરઝાયેલો ચહેરો તથા અશક્તિવાળુ શરીર જોઈ - પ્રશ્ન કરે છે કે અમિતા તબીયત તો બરોબર છે ને? તારું લગ્નજીવન કેમ છે? આ સાંભળી અમિતા રડી પડે છે અને પોતાની વિકટ પરિસ્થિતિ વર્ણવતાં જણાવે છે કે મારા પપ્પાએ આવેલ વચન પ્રમાણે મારા લગ્ન જનકલાલના દીકરાં દિનેશ સાથે થયાં હતા. પ્રથમ રાત્રિએ જ આવવાની સાથે મારી માફી માગી, દિનેશે મને કહ્યું, કે મેં મારા પપ્પાના દબાણને લીધે, તારી સાથે લગ્ન કર્યા છે પરંતુ હું તને શારીરિક સુખ આપી શકું તેમ નથી કારણ કે હું માણસમાં નથી. હું નપુંસક છું. આ સાંભળી મને ચક્કર આવી ગયા, હું પડી ગઈ. પરંતુ બે-ચાર દિવસ પછી તેની જ જેવા તેના ત્રણ ચાર મિત્રો આવી, દિનેશને તેનાં પરિવારમાં લઈ ગયા. ત્યાર પછી દિનેશ પાછો આવ્યો જ નથી. હું મારા પિયર ચાલી ગઈ અને આવીને મમ્મીને હવે પાછી નહીં જાઉં કહ્યું. છૂટાછેડા માટે લખાણ કર્યું. છૂટાછેડા પણ મળી ગયા છે. હાલમાં એકાકી જીવન પસાર કરી રહી છું.

આ સાંભળી અમિતે મલકાતાં સ્વરે કહ્યું કે, જે થાય છે તે હંમેશા સારા માટે થાય છે. ભગવાને આપણને સરસ રસ્તો દેખાડ્યો છે. તારે હવે એકલાં રહેવું નહિ પડે. વડીલોના હઠાગ્રહને લીધે આટલો સમય આપણે છૂટા રહેવું પડ્યું, તું હવે મારી જિંદગીમાં આવી જા, એમ કહેતાં અમિત, અમિતાને બાહુપાશમાં જકડી લે છે. આમ અમિત-અમિતાનું 'પુનઃમિલન' થાય છે.

# સુખનાં પગલાં સાત : સપ્તપદી

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

હિન્દુ લગ્નવિધિમાં મંગળફેરા પછી સપ્તપદીનો વિધિ આવે છે. એ સમયનાં મંત્રોને આચરણમાં મૂકવામાં આવે તો કુટુંબજીવનમાં સુખ અને સુખ જ છે, પહેલાં વર સાત પગલાં ચાલે, પછી કન્યા. પ્રત્યેક પગલે તેઓ એક પછી એક સંકલ્પ જાહેર કરે છે; પ્રતિજ્ઞા લે છે. આ 'ચાલવાનું' પ્રતીકાત્મક છે. ચોખાની સાત ઢગલી ઉપર સાત સોપારી મૂકેલી છે હોય છે. પહેલાં કન્યા, વરનો જમણા પગનો અંગૂઠો આ સાત સોપારી ઉપર વારાફરતી મૂકતી જાય અને વર એક પછી એક સંકલ્પ જાહેર કરતો જાય. આ જ રીતે પછી વર, કન્યાનો જમણા પગનો અંગૂઠો મૂકતો જાય અને કન્યા સંકલ્પ લેતી જાય. આ સમયે વર છે, તે વિષ્ણુ સ્વરુપ છે અને કન્યા સંકલ્પ લેતી જાય. આ સમયે વર છે, તે વિષ્ણુ સ્વરુપ છે અને કન્યા છે, લક્ષ્મી સ્વરુપા.

**વરના સંકલ્પો આ રીતે છે :**

(૧) ૐ - પહેલે પગલે - વિષ્ણુ તને અન્ન ભંડાર માટે લઈ જાવે. મારા પરિવારમાં તારે પગલે ભંડાર ભરેલા રહે.

(૨) ૐ - બીજે પગલે - વિષ્ણુ તને ઉર્જા માટે લઈ આવે, મારા પરિવારમાં તારે કારણે સકારાત્મક ઊર્જા જળવાઈ રહે.

(૩) ૐ - ત્રીજે પગલે - વિષ્ણુ તને સંપત્તિના પોષણ માટે લઈ આવે. પરિવારની સંપત્તિનું તારે કારણે પોષણ થયા કરો.

(૪) ૐ - ચોથે પગલે - વિષ્ણુ તને એકબીજાના સુખ માટે લઈ આવે. તારે કારણે પરિવારમાં સૌ કોઈ એકબીજા સાથે સુખેથી રહે.

(૫) ૐ - ચોથે પગલે - વિષ્ણુ તને પશુઓ માટે લઈ આવે. પરિવારને આશ્રિત પશુપક્ષી અને અન્ય સંપત્તિ તારે કારણે સુરક્ષિત રહો.

(૬) ૐ - છઠ્ઠે પગલે - વિષ્ણુ તને ઋતુઓ માટે લઈ આવે. પરિવારમાં છ એ ઋતુઓમાં તારે કારણે એકસરખી પ્રસન્નતા રહે.

(૭) ૐ - હે સખી ! તું સાતેય પગલે સાથે રહે. મને અનુસરીને રહે. વિષ્ણુ આ માટે તને લઈ આવે. સમગ્ર જીવન અનુકૂળ રહીને વીતે.

**કન્યાના સંકલ્પો આ રીતે છે :**

(૧) વધુ પહેલા પગલે કહે છે : તમારા થકી મને સંપૂર્ણ સૌભાગ્ય છે. મેં કરેલા અનેક પુણ્યોથી અને ઈશ્વરકૃપાથી તમે મળ્યાં છો.

(૨) કન્યા બીજે પગલે કહે છે : હું વડીલોથી માંડીન બાળકો સુધીનાં સમગ્ર કુટુંબનું પાલન કરીશ. મને જે કાંઈ મળશે, તેનાથી સંતોષ પામીશ.

(૩) ત્રીજે પગલે તે વરને કહે છે : હું સ્વાદિષ્ટ રસોઈ યોગ્ય સમયે તમે કહેશો, એ રીતે હંમેથા આપતી રહીશ.

(૪) ચોથે પગલે તે વરને કહે છે : સ્વચ્છતા પૂર્વક હું શોભતા વસ્ત્ર - અલંકાર સાથે મન-વાણી-કર્મથી તમારી સાથે આનંદથી રહીશ.

(૫) તે વરને પાંચમે પગલે કહે છે : હું દુઃખમાં ધીરજવળી




અને સુખમાં પ્રસન્ન રહીશ. તમારા સુખદુઃખની ભાગીદાર રહીશ. પરપુરુષનો સંગ નહિ કરું.

(૬) કન્યા છઠ્ઠે પગલે કહે છે : તમારા ઘરમાં હું આનંદથી બધાં કાર્યો કરીશ. સાસુ-સસરાની સેવા અને કુટુંબીજનોનો સત્કાર કરીશ. જયાં તમે હો, ત્યાં હું હોઈશ, તમે પ્રિય છો. હું કયારેય છેતરીશ નહિ અને છેતરાઈશ નહિ.

(૭) તે વરને સાતમે પગલે કહે છે : હોમ, યજ્ઞ વગેરે કાર્યો હું સદાય કરીશ. ધર્મ, અર્થ અને કામમાં તમારી મનોવૃત્તિને અનુસરીશ. અહીં અગ્નિ, આચાર્ય વગેરે સાક્ષી છે તમે હવે મારા પતિ થયા છો. મારું સમગ્ર વ્યક્તિત્વ તમને સમર્પિત છે.

હસ્તમેળાપ પછી કેટલાક પરિવારોમાં મંગળાષ્ટક ગવાય છે. તેનો છંદ શાર્દૂલવિક્રીડિત હોય છે. ઉપર્યુક્ત ભાવનાને સંક્ષેપમાં આ રીતે મુકી શકાય :

હું પામું બહુ જન્મના
સુકૃતથી, સૌભાગ્યથી આપને,
સ્વાદુ અન્ન બનાવું યોગ્ય
સમયે, આનંદ હો સાથમાં
ભાગી થૈ સમ દુઃખ ને ય સુખમાં; સેવીસ કુટુંબને.
કામે, અર્થ અને સુધર્મ પથમાં, છે ચાલવું સાથમાં.

ઈ. ૧૯૮૦માં પૂજ્ય શ્રી મોટાએ ઉપર્યુક્ત મંત્રોમાંથી ભાવાર્થ ગ્રહણ કરીને પોતાની રીતે 'સપ્તપદી' કાવ્ય રચ્યું છે; એમનાં 'દાંપત્ય ભાવના' પુસ્તકમાં સમાવિષ્ઠ છે આમાં અનુષ્ટુપ છંદમાં વર અને વધૂમાં સાત-સાત સંકલ્પો છે.

*હું પામું બહુ જન્મના સુકૃતથી, સૌભાગ્યથી આપને,*
*સ્વાદુ અન્ન બનાવું યોગ્ય સમયે, આનંદ હો સાથમાં*
*ભાગી થૈ સમ દુઃખ ને ય સુખમાં; સેવીસ કુટુંબને.*
*કામે, અર્થ અને સુધર્મ પથમાં, છે ચાલવું સાથમાં*

**હિન્દુ લગ્નવિધિમાં મંગળફેરા પછી સપ્તપદીનો વિધિ આવે છે, એ સમયનાં મંત્રોને આચરણમાં મૂકવામાં આવે તો કુટુંબજીવનમાં સુખ અને સુખ જ છે, પહેલાં વર સાત પગલાં ચાલે, પછી કન્યા, પ્રત્યેક પગલે તેઓ એક પછી એક સંકલ્પ જાહેર કરે છે; પ્રતિજ્ઞા લે છે, આ 'ચાલવાનું' પ્રતીકાત્મક છે**

# કાર્ડ ટેસ્ટ અથવા Rapil માં દર્દીના રિઝલ્ટની ૧૦૦% ખાત્રી લઈ શકાતી નથી, જયારે Elisa Test માંથી લગભગ બરાબર જો Elisa કરી હોય તો રીપોર્ટ સાચો જ હોય છે, Elisa પણ સારી સ્ટાન્ડર્ડ લેબોરેટરીમાં જ કરવો

**તન દુરસ્તી**
**મહેન્દ્ર ગજ્જર**
**ડૉ. દિનેશ રાઠોડ**

ગયા લેખમાં **NABL, ISO, CAP** ધરાવતી લેબોરેટરીના શું રિપોર્ટમાં બધાં જ રિપોર્ટ સાચાં જ હોય છે. એના જવાબમાં આપણે એમ માનીએ છીએ કે **NABL, CAP** અને **ISO** જેવા સર્ટીફિકેટ જે લેવા જોઈએ. પણ ખરા રિપોર્ટ લેબેરોટરીના સંચાલક અને માનસિક વલણ ઉપર જ રહેલ છે. **NABL, ISO** માં દરેક લેબોરેટરીમાં દરેક કીટના રોજ કંટ્રોલ કરે છે. કંટ્રોલ એટલે શું? સારી રિલાયબલ કંપનીઓ જે કંટ્રોલ શીરા મોકલે છે. જેમાં ઓછામાં ઓછું કેટલું લેવલ, ટાર્ગેટ લેવલ અને હાઈએસ્ટ લેવર એ ત્રણેયના રીડીંગ આપવામાં આવે છે. તેને મશીનમાં પેશન્ટનાં લોહીના નમૂનાની જેમ ટેસ્ટ કરવામાં આવે છે.

ઓછા અને વધારે ટાર્ગેટની સાથે ઓછા અને વધતા રીડીંગ સાથે ટાર્ગેટ વેલ્યુ આપેલી હોય તેથી નજીક એ કંટ્રોલનું રીઝલ્ટ આવે તો તે દિવસે એ ટેસ્ટ કરવાની પરમિશન મળે છે. ઓછા લેવલ કરતા ઓછું અને વધારે લેવલ કરતાં વધારે કંટ્રોલ આવે તો કીટને ફરીથી રિકેલીબ્રેટ કરવી પડે છે. કંટ્રોક કરવાનું કારણ શું? ગયાં અંકમાં આપણે આંકા ઉપર લખ્યું હતું કે હવામાનની અસર કીટમાં રહેલા કેમિકલ ઉપર થાય છે. ફ્રીજનું ટેમ્પ્રેચર અને બહારનું ટેમ્પ્રેચર જુદું જુદું હોય રોજ કીટમાનું કેમિકલ બદલાતું રહે છે. માટે કંટ્રોલ કરવો પડે છે.

કંટ્રોલ બરાબર ન હોય તો કેલીબ્રેશન કરવું પડે છે. દરેક ટેસ્ટમાં તમે કઈ કીટ વાપરો છો તેના ઉપર તેમજ કઈ પદ્ધતિથી તમે લૅબોરેટરીમાં ટેસ્ટ કરો છો. તેના ઉપર ખુબ જ આધાર રહેલો છે. હમણાં જ એક દર્દી નાનો દીકરો જેની ઉંમર ૧૫ વર્ષ છે. જેનું નામ પ્રકાશ દરજી છે. જેને ૨-૩ દિવસથી તાવ આવતો હતો. ડૉક્ટરે એને કમ્પલીટ બ્લડ કાઉન્ટ વીથ પ્લેટલેટ એટલે કે **CBC with Platate** નામનો ટેસ્ટ લખી આપ્યો. જેમાં કોઈ લૅબ વાળાએ **(NS1, IgN, IgG)** લખી આપતાં ડૉક્ટરે તેને ડેન્ગ્યુ એટલે () ડેન્ગ્યુ માટે લેબોરોટરીમાં મોકલી આપો. **NS1** એટલે **early Detaction of Dengue, IgG** એટલે **Post Dengue** એટલે ભૂતકાળમાં થયેલો ડેન્ગ્યુલ. કોઈક લેબોરેટરીએ **Rapid** થી અથવા કાર્ડ ટેસ્ટ કરી તેને ડેન્ગ્યુ તરીકે દર્દી જાહેર કર્યો.

પ્રકાશ દરજીના દર્દીના સગાંએ સવાલ ઉઠાવ્યો કે ખરેખર મારા દીકરાને ડેન્ગ્યુ છે. મારા ઘરમાં જીણવટથી ધ્યાન આપું છું. મારા ધાબા ઉપરની પાણીની ટાંકી સાફ રાખું છું. કોઈ પણ જગ્યા ઉપર પાણી રહેવા દેતા નથી. મચ્છર જીવતા ન રહે અથવા બહારથી ન આવે તેની તકેદારી રાખીએ છીએ. અમારા આજુબાજુમાં કોઈ પણ જગ્યાએ મકાનનું કામકાજ થતું નથી. જેનાથી ભેજવાળું વાતાવરણ ઊભું થાય. તેથી મને ડેન્ગ્યુના રીપોર્ટનાં રિઝલ્ટમાં શંકા છે. આનો સાચો અને સચોટ રિપોર્ટ કેવી રીતે મળી શકે. ડૉક્ટરે તેને **Elisa** નામની મેથડથી ટેસ્ટ કરવાનો આગ્રહ કર્યો. **Platelate** એ કોઈ પણ વાઈરલ ઈન્ફેકશનમાં ઘટી શકે છે. દવા તથા મેનેજમેન્ટમાં કઈ જાજો ફરક નથી પડતો પણ ડેન્ગ્યુમાં તકલીફો દર્દીની વધી શકે છે.



**Elisa** નો રિપોર્ટ પ્રકાશતો થયો. તે **NS1 Negative,** અને **IgN** પણ **Negative** તો સવાલ એ થાય કે આગળનો **Rapil** અથવા કાર્ડ ટેસ્ટ શું ખોટો હતો?

કાર્ડ ટેસ્ટ અથવા **Rapil** માં દર્દીના રિઝલ્ટની ૧૦૦% ખાત્રી લઈ શકાતી નથી. જયારે **Elisa Test** માંથી લગભગ બરાબર જો **Elisa** કરી હોય તો રીપોર્ટ સાચો જ હોય છે. **Elisa** પણ સારી સ્ટાન્ડર્ડ લેબોરેટરીમાં જ કરવો. તેમાં વૉશિંગ સ્ટેપ ખુબ જ અગત્યનું હોય છે. બરાબર વૉશિંગ ન થયું હોય તો રિપોર્ટમાં બરાબર રિઝલ્ટ આવતા નથી. પ્રકાશ દરજીનાં માતાપિતાને ડેન્ગ્યુ નથી. તેનાથી ખુબ જ હાશ થઈ અને એક દિવસ પછી તેનો તાવ મટી ગયો. એટલે આનો અર્થ પણ એક જ થાય કે તમે ટેસ્ટ કરાવતા લેબોરેટરીમાં વિચારશીલ રહો અને તમારા લોહીનું પરિક્ષણ કઈ મેથડ (પદ્ધતિ)થી થાય છે એ ખુબ જ અગત્યનું છે. રેપિડ કાર્ડનું રિઝલ્ટ તમને પંદર થી વીસ મિનિટમાં મળી જાય. પણ જયારે **Elisa** માં ત્રણ થી ચાર કલાક લાગે છે.

થોડીવાર સહન કરીને પણ સાચાં રિઝલ્ટનો આગ્રહ રાખવો. ગર્વમેન્ટ પણ પોતાનાં આંકડાને **Elisa** થી થયા હોય તે જ સાચા ગણે છે. ગર્વમેન્ટ ઓફિસરો એ પણ જયાં **Elisa** થી રીપોર્ટ થતા હોય ત્યાં સંચાલકો પાસે જઈ કયાં ટેકનીશિયન **Elisa**થી કામ કરે છે તેને જોવા જોઈએ. તેના કંટ્રોલ એટલે પોઝીટીવ અને નેગેટીવ કંટ્રોલની **O.D.** ચેક કરવી જોઈએ. અને એમને ગર્વમેન્ટ તરફથી ઓથોરાઈઝ્ડ કરવાં જોઈએ. આ વિશે વધારે જાણવું હોય તો ગાંધીનગર સમાચારમાં આપણાં પ્રતિકાર અવશ્ય આવકાર્ય છે.

**ગર્વમેન્ટ ઓફિસરો એ પણ જયાં Elisa થી રીપોર્ટ થતા હોય ત્યાં સંચાલકો પાસે જઈ કયાં ટેકનીશિયન Elisaથી કામ કરે છે તેને જોવા જોઈએ, તેના કંટ્રોલ એટલે પોઝીટીવ અને નેગેટીવ કંટ્રોલની O.D. ચેક કરવી જોઈએ, અને એમને ગર્વમેન્ટ તરફથી ઓથોરાઈઝ્ડ કરવાં જોઈએ**